ખેતી અને બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના દરો અંગેના તા.૩/૨/૨૦૦૭ ના ઠરાવની બિનખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીની શરતો પૈકીની જી.એસ.ઇ.સી.એલ.ને લગતી શરત:૧૫ ની જોગવાઇને રદ કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/પી.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૦ /૦૬/૨૦૧૧

વંચાણે લીધા:-

(૧) નર્મદા,જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/ પી, તા.૩/૨/૨૦૦૭.

(૨) નર્મદા,જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૯/૯/૨૦૦૮ અને તા.૧/૪/૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક:ડબલ્યુટીઆર/૨૦૦૫/૪૧/ પી.

આ મુ ખ:-

જળસંપતિ વિભાગના નિયંત્રણ હસ્તકની રાજયની બહુલક્ષી, મોટી, મધ્યમ તથા નાની સિંચાઇ યોજનાઓ તથા વિવિધ સિંચાઇ યોજનાઓ પરથી ખેતી અને બિન ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણીના હયાત દરો સંદર્ભ(૧) સામે દર્શાવેલ તા.૩/૨/૨૦૦૭ ના નીતિ વિષયક ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. તા.૩/૨/૨૦૦૭ ના ઉકત ઠરાવમાં "બિન ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણી અંગેની શરતો" પૈકીની જી.એસ.ઇ.સી.એલ.ને લગતી શરત ક્રમાંક (૧૫)માં નીચે મુજબ જણાવાયેલ:

"(૧૫) ગુજરાત સ્ટેટ ઇલેકિટ્રસિટી કોર્પોરેશન લિમીટેડ ખરેખર જે પાણી વાપરે તેટલા જથ્થા માટે જ આકારણી કરવાની રહેશે. એટલે કે અપાયેલ પાણીના જથ્થામાંથી જેટલો પાણીનો જથ્થો સિંચાઇ માટે ઉપયોગમાં લઇ શકાય તે પ્રમાણે જો જથ્થો પાછો મળતો હોય તો તેટલો જથ્થો ઓછો કરી ખરેખર જેટલા પાણીનો જથ્થાનો વપરાશ થયો હોય તેટલા જથ્થા માટે જ આકારણી કરવાની રહેશે.

આ કાર્યવાહી એ શરતે કરવાની રહેશે કે, જી.એસ.ઇ.સી.એલ. ધ્વારા પાણીની આવક અને જાવકના સ્થળે ચોકકસ પ્રમાણે પાણીનો જથ્થો માપી શકાય તે મુજબના સાયન્ટિફિક મીટર્સ મુકી જથ્થો માપવાની વ્યવસ્થા તેમના ખર્ચે કરવાની રહેશે"

ઠરાવ:-

ઉકત જોગવાઇ સંબંધે થયેલ કાળજીભરી વિચારણાને અંતે, તા.૩/૨/૨૦૦૭ ના ઉકત ઠરાવમાં "બિન ખેતી વિષયક હેતુઓ માટે અપાતા પાણી અંગેની શરતો" પૈકીની જી.એસ.ઇ.સી.એલ.ને સંબંધિત "Net of Use"ના ધોરણે પાણીના દરો આકારવા બાબતની ઉકત શરત ક્રમાંક:(૧૫)ને આથી આ ઠરાવની તારીખથી રદ કરવામાં આવે છે. હવે પછી "Net of Use" નો લાભ કોઇપણ સંસ્થાને આપવાનો રહેશે નહી. ઉપાડેલ પાણીના જથ્થા ઉપર દરો આકારવાના રહેશે.

તા.૩/૨/૨૦૦૭ ના ઉકત ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

.. પાછળ..

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૮/૦૪/૨૦૧૧ના રોજ મળેલ સંમતિને આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વી.એન.પટેલ )
ઉપસચિવ(જળસંપતિ)
નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ

(૧) નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
(૩) તમામ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૪) તમામ માનનીય રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૫) માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,ગાંધીનગર
(૬) સચિવાલયના તમામ વિભાગો
(૭) વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
(૯) ઉધોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ઉધોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર
(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લી.બ્લોક નં.૧૨, સચિવાલય,ગાંધીનગર.
(૧૧) માહિતી નિયામકશ્રી, માહીતી ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ, ઉધોગ ભવન, સેકટર-૧૧ ગાંધીનગર
(૧૩) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિ ભવન, સેકટર-૧૦, ગાંધીનગર
(૧૪) નિયામકશ્રી, નગરપાલિકાઓ,ગુજરાત રાજય,ગાંધીનગર
(૧૫) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ,ગાંધીનગર
(૧૬) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેકટર-૧૦ ગાંધીનગર
(૧૭) નિયામકશ્રી, વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, આણંદ
(૧૮) નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા
(૧૯) નર્મદા જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીઓ, સચિવાલય,ગાંધીનગર
(૨૦) નર્મદા જળસંપતિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત વર્તુળ સહિત)(તેઓ હસ્તકના સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓને પરિપત્રિત કરવા સારુ)
(૨૧) મ્યુનિ.કમિશ્નરશ્રીઓ,અમદાવાદ/રાજકોટ/સુરત/વડોદરા/જામનગર/ભાવનગર/જુનાગઢ
(૨૨) તમામ કલેકટરશ્રીઓ
(૨૩) તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
(૨૪) નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તમામ પ્રોજેકટ શાખાઓ/નાણાં શાખાઓ
(૨૫) નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના તમામ તાંત્રિક અધિકારીશ્રીઓ
(૨૬) મુખ્ય માહિતી અધિકારીશ્રી, નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારુ)
(૨૭) સીલેકટ ફાઇલ